IndiaFirst
LIFE INSURANCE

**Publication: Yugprabhav** **Date: Friday, 21st November, 2014**

**Edition: Vadodara**

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યુરન્સ @ 5, લોન્ચ કરે છે "હેપ્પી ઈન્ડિયા"

વડોદરા.તા.૨૦

નાવીન્યપૂર્ણ વિચારો અને પરિવર્તન લાવવાની ધગશ સાથેના યુવા પરિવર્તનકારીઓને પિછાણવા માટે ઈન્ડીયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યુરન્સે હેપ્પી ઈન્ડીયા પહેલની જાહેરાત કરી છે. આ સામાજીક પરિવર્તન પહેલ કંપનીની ૫મી તિથિની ઉજવણીના ભાગરુપે ૧૧-૧૬ વયવર્ષના બાળકો માટે છે. આ પહેલની જાહેરાત કંપનીની ૫મી તિથિની ઉજવણી ખાતે ઈન્ડીયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યુરન્સના ચીફ માર્કેટીંગ ઓફીસર મોહીત રોશનાલી દ્વારા કરાઈ હતી.

રજુઆત વિશે બોલતા મોહિત રોશનાલીએ જણાવ્યુ હતું કે દેશમાં સેવાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે તે નિમિત્ત સાથી હેપ્પી ઈન્ડિયા લોન્ચ કરવામા અમને બેહદ ખુશી થઈ રહી છે. ભારતમાં પરિવર્તનનો પવન ફુંકાઈ ચુકયો છે. નવી સરકાર ભારતને નાણાકીય સમાવેશકતાથી લઈને મેક ઈન ઈન્ડીયાથી સ્વચ્છ ભારત અભિયાન સુધી બહેતર બનાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે હવે વિદ્યાર્થીઓને ફક્ત માંગણી કરીને નહીં પરંતુ વાસ્તવમાં તેમને માટે નિર્માણ કરીને આ પરિવર્તનનો ભાગ બનવાની તક ચાલીને આવી રહી છે.

હેપ્પી ઈન્ડિયાનું લક્ષ્ય યુવા પરિવર્તન ઘડવૈયાઓની તલાશ કરવાનું લક્ષ્ય છે અને પરિવર્તન માટે તેમના વિચારોનો અમલ કરવા માટે તેમને ટેકો આપવાનું લક્ષ્ય છે આમાં ૧૫ શહેરની ૫૦૦ શાળામાંથી ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

યુવાનો તેમને ચિંતા કરાવે તેના સામાજીક મુદ્દાઓ પિછાણશે અને આ મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે તેઓ શું નિયોજન કરી શકે તે વિશે તેમના વિચારો રજુ કરશે. ઈન્ડીયાફર્સ્ટ લાઈટ આ સામે ૨૫ ઉત્તમ પરિવર્તન માટેના વિચારોને ટેક આપીને રુા. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ આપશે. જેથી આ યુવા પરિવર્તનકારીઓ તેમના સપાનું પરિવર્તન ઘડી શકશે.